મહાત્મા ગાંધી દ્વારા ૧૯૨૦માં સ્થાપિત

# ગૂજરાત વિદ્યાપીઠ

આશ્રમ માર્ગ, નવરંગપુરા, અમદાવાદ - 380 009



## ગ્રંથાલય દ્વારા આયોજિત

# જ્ઞાન સંચય મહોત્સવ-૨૦૨૬

તારીખ : 03 મે 2026 (વૈશાખ વદ બીજ, વિક્રમ સંવત 2082)

સમય : સવારે 08:00 થી સાંજે 05:30

સ્થળ : ગૂજરાત વિદ્યાપીઠ ગ્રંથાલય, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ

ગૂજરાત વિદ્યાપીઠ  ગ્રંથાલય દ્વારા જાહેર જનતામાંથી પુસ્તકોનું દાન સ્વીકારવા માટે ગ્રંથ દાન થકી જ્ઞાન સંચય મહોત્સવ-2026 કાર્યક્રમ આયોજિત કરવામાં આવી રહ્યો છે. આ અભિયાનનો હેતુ જ્ઞાનનો વ્યાપ વધારવો અને સમાજમાં વાંચન સંસ્કૃતિને પ્રોત્સાહન આપવાનો છે.

**નિયમો અને માર્ગદર્શિકા**

- આ મહોત્સવમાં કોઈપણ નાગરિક/સંસ્થા પુસ્તક દાન કરી શકે છે.
- "NO RETURN POLICY" અમલમાં રહેશે. દાનમાં આપેલ પુસ્તકો પરત મેળવવા પાછળથી કોઈ હક્ક દાવો કરી શકાશે નહીં.
- દાન સ્વૈચ્છિક રહેશે અને દાતાએ ગૂજરાત વિદ્યાપીઠ પરિસરમાં રૂબરૂ આવી અથવા અન્ય રીતે મોકલવાના રહેશે.
- પુસ્તકો દોરી/સૂતળીથી બાંધીને આપી શકાશે, પ્લાસ્ટિક ઉપયોગ ટાળવો.
- દાનમાં આપેલ પુસ્તકોના ઉપયોગ/નિકાલ અંગેના સંપૂર્ણ હક્ક ગૂજરાત વિદ્યાપીઠ હસ્તક રહેશે.

આપનો સહયોગ અમૂલ્ય છે.

**વધુ માહિતી માટે  સંપર્ક કરો**

ડૉ. રંજન મકવાણા ,
કા. ગ્રંથપાલશ્રી
ગૂજરાત વિદ્યાપીઠ  ગ્રંથાલય
આશ્રમ માર્ગ, નવરંગપુરા, અમદાવાદ - 380 009
ફોન: 079-40016260 / 211

પુસ્તક દાન માટે QR Scan કરવા વિનંતી



**આપનું પુસ્તક, સૌનું પુસ્તક**